# એનાટોમી વિભાગ

## શ્રી એમ. પી. શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર.

## દેહદાન અંગેની માહિતી

દેહદાન એટલે મૃત્યુ બાદ અપાતું દેહનું દાન. બધા દાનોમાં દેહદાન એ સર્વોત્તમ ગણાય છે. આપના મનમાં દેહદાનને લઈને ઉભા થતાં થોડા પ્રશ્નો...

### દેહનો સદુપયોગ કેવી રીતે ?

દેહદાન આપ્યા બાદ તરત જ દેહમાં ખાસ પ્રકારનું કેમિકલ (ફોર્મેલીન) નશ દ્વારા ચડાવવામાં આવે છે. જેના કારણે દેહ સડતો નથી અને દુર્ગંધ પણ નથી આવતી ત્યારબાદ દેહને મેડીકલ કોલેજના એનાટોમી વિભાગમાં સાચવવામાં આવે છે. પછી આ દેહનો ઉપયોગ ડોક્ટર બનવા આવેલા વિદ્યાર્થીઓ શિખવા અને ભણવા માટે કરે છે. એક દેહમાંથી ઘણા બધા વિદ્યાર્થીઓ ડોક્ટર બની શકે છે અને આ જ ડોક્ટર સમાજની સેવા કરે છે.

### દેહદાન માટેનો સંકલ્પ કેવી રીતે કરવો ?

દેહદાનનો સંકલ્પ જીવિત વ્યકિત પણ કરી શકે છે. દરેક સરકારી મેડીકલ કોલેજના એનાટોમી વિભાગમાં સંકલ્પ પત્રક મળે છે. આ ઉપરાંત મૃત્યુ બાદ પણ જે તે વ્યકિતના સગા સબંધીઓ મૃત્યુ પામનારના મૃતદેહનું દાન આપી શકે છે.

### મૃત્યુ બાદ કેટલા સમયમાં દેહદાન કરી શકાય છે ?

મૃત્યુ બાદ શિયાળામાં દહેને છ થી સાત કલાક તથા ઉનાળામાં ચાર થી પાંચ કલાકની અંદર જે તે મેડીકલ કોલેજમાં પહોંચાડવું જરૂરી છે.

### મુસાફરી દરમ્યાન શું ધ્યાન આપવું

દેહદાન કરનાર વ્યકિત સગા સબંધીઓએ વાહનની વ્યવસ્થા કરી મેડીકલ કોલેજ સુધી પહોંચાડવાનું હોય છે અને સરકારી નિયમ મુજબ ભાડું પણ સરકાર આપે છે. જો દેહને મેડીકલ કોલેજ સુધી પહોંચાડવામાં નિયત સમયથી વધારે સમય લાગે તેમ હોય તો દેહની આસપાસ થોડી બરફ ભરેલી પોલીથીન રાખવી જોઈએ, જેથી કરીને દેહની સડવાની પ્રક્રિયા ધીમી થઈ જાય.

### કયા પ્રકારના દેહનું દાન કરી શકાતું નથી ?

અકસ્માતમાં મૃત્યુ પામેલ (શરીરના અવયવ તૂટી ગયેલ હોય) તથા જેમાં મેડીકો–લીગલ કેસ થઈને પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હોય તેવા દેહનું દાન સ્વીકારવામાં આવતું નથી.

### દેહદાન આપતી વખતે કોઈ કાગળો ?

દેહદાન આપતી વખતે ડેથ સર્ટીફીકેટ (મૃત્યુ પામ્યાનું ડોકટરએ આપેલ પ્રમાણપત્ર) તથા મૃત્યુ પામનારનું ઓળખપત્ર જરૂરી છે. આ ઉપરાંત જો સંકલ્પ પત્રક ભરેલ હોઈ તો તે પણ સાથે રાખવું.

### દેહના ઉપયોગ થયા બાદ દેહનું શું કરવામાં આવે છે ?

દેહનો ઉપયોગ થયા બાદ વર્ષના અંતે દેહને સ્મશાન લઈ જઈને હિન્દુ આર્ય–વિધિવત રીતે અગ્નિદાહ દેવામાં આવે છે.

મૃત્યુબાદ પાંચ થી સાત કલાકમાં મેડીકલ કોલેજમાં લાવવાનું હોવાથી ઘણા સબંધીઓ પહોંચી શકે તેમ ન હોય, તો આવા સંજોગોમાં મેડીકલ કોલેજમાં બીજા દિવસ સુધી સબંધીઓ માટે દર્શન કરવાની પરવાનગી આપીએ છીએ.

### એનાટોમી વિભાગ, જામનગર ખાતે દેહદાન કરવા માટે નીચેના ડોકટરોનો સંપર્ક કરવો.

| | |
|---|---|
| ડૉ. કે. પી. સ્વાદિયા | - 0288-2555199 |
| ડૉ. મિના પટેલ | - 94277 60450 |
| ડૉ. ધરતી કુબાવત | - 99256 19900 |
| ડૉ. જતીન ચુડાસમા | - 90338 66762 |
| ડૉ. બાલક્રિષ્ના હુમ્મર | - 99136 05640 |
| ડૉ. જીગ્નેશ વડગામા | - 99981 12177 |
| ડૉ. નારૂ ડામોર | - 82380 80207 |
| ડૉ. વિજય કણજારિયા | - 99091 00068 |
| ડૉ. અંકિત અધ્વર્યુ | - 89802 05409 |
| ડૉ. કૌશલ ઝવેરી | - 88490 19250 |
| ડૉ. ધવલ તલસાણિયા | - 98242 34115 |
| ડૉ. મોનિકા અધ્વર્યુ | - 90990 58201 |
| ડૉ. સારિકા ભાખર | - 82382 06353 |
| ડૉ. શિવાની રાવલ | - 91068 76024 |
| ડૉ. અવની પટેલ | - 81415 23543 |